ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરના બંધ સરકારી મકાનો મચ્છરો માટે ફેવરીટ પ્લેસ

## સિવિલ કેમ્પસ પણ મચ્છરો માટે આર્શીવાદરૂપ : આગામી ૧૫ દિવસમાં વાહકજન્ય રોગચાળો માથું ઉંચકે તેવી દહેશત

ગાંધીનગર, તા.૨૧

એક મચ્છર માણસને મરણપથારીએ લઈ જવાની ઘાતક ક્ષમતા ધરાવે છે ત્યારે ચપટીમાં ચોળાતા મચ્છરના પૂર્ણ કદને નજર અંદાજ કરવાના બદલે મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો ડામવા નગરજનોએ વધુ અવેરનેસ કેળવવાની તાતિ અનિવાર્યતા ઉભી થઈ છે. વરસાદ બંધ થતા મચ્છરો માટે વાતાવરણ ફેવરેબલ બન્યું છે. આવા સંજોગોમાં સમગ્ર શહેર પર વાહકજન્ય રોગચાળાનો ખતરો મંડરાયો છે. હાલના સાનુકૂળ વાતાવરણમાં મેલેરીયાના એનોફીલીસ અને ડેન્ગ્યુના એડીસ મચ્છરોનો ઉપદ્રવ વધવાની સંભાવના આરોગ્યતંત્ર માટે પણ ચિંતાનો વિષય બની છે. રોગચાળાની દૃષ્ટિએ ભયજનક સ્થિતિ વચ્ચે ખંડેર ભાસતા શહેરના બંધ સરકારી આવાસો અને કન્સ્ટ્રક્શન સાઈટ મચ્છરોની ઉત્પત્તિનું મુખ્ય સ્થાન હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે શહેરની સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં પણ વધતા મચ્છર ઉત્પત્તિ સ્થાનો દર્દીઓના આરોગ્ય માટે જોખમરૂપ બને તેવી દહેશત છે.

વરસાદી દિવસોમાં પાણીનો ભરાવો થતા મચ્છરોનો ઉપદ્રવ રોગચાળાનું કારણ બને છે. મચ્છરોને ગંદકી પસંદ ન હોવાથી ખુલ્લામાં ચોખ્ખા અને સ્થિર

● અનુસંધાન પાન-૭ પર


॥ શ્રી ગણેશાય નમઃ ॥

ભાગ્યેભાઈ દવે
મો. ૯૮૨૪૦ ૭૨૪૧૫
હાર્દિક એમ. દવે
મો. ૯૭૨૩૨૧૩૮૩૪

શિવાની સેલ્સ

ચારેલી રેતીના એકમાત્ર સપ્લાયર્સ

આપની જરૂરિયાત મુજબની આધુનિક પદ્ધતિથી અદ્યતન મશીનરીમાં ચારેલ સાબરમતી તથા બનાસ નદીની દાણાદાર રેતીના એકમાત્ર સપ્લાયર્સ

શુ આપ મકાન બાંધકામના હલકા અને ભેળસેળીયા મટીરીયલ્સથી કંટાળી ગયા છો ?
શુ આપ સારું બાંધકામ સમયસર ઈચ્છી રહ્યા છો ?
શું આપ બાંધકામના મટીરીયલ્સમાં થતો ખર્ચ ઓછો કરવા ઈચ્છો છો ?

ચારેલી રેતીના ફાયદા

૧. ચારેલી રેતી, મોટું ચોરિયું, મોટા પથ્થર, માટી કંપ, ડસ્ટ તથા અન્ય કચરા વગરની અને પ્લાન્ટમાં શુદ્ધ થયેલી રેતી હોય છે.
૨. ચારેલી રેતીમાં શુદ્ધ કરવા પાછળનો મોટામાં મોટો સમય અને ખર્ચની ખૂબ જ બચત થાય છે.
૩. ચારેલી રેતીમાં ક્ષાર અને ભેજ નહિવત હોય છે.
૪. ચારેલી રેતી જરૂરિયાત પ્રમાણે અને હાજરમાં મળે છે અને ભાવમાં નહિવત તફાવત હોય છે.
૫. ચારેલી રેતીમાં કુશળ કારીગરના સમય તથા આપના પૈસાનો ખૂબ જ બચાવ થાય છે અને એકધારી ગુણવત્તા જાળવવા રહે છે.

હવે ચારેલી રેતી ૫૦ કિ.ગ્રા.ના પેકીંગમાં

સાદી રેતીના ગેરફાયદા

૧. નદીમાંથી આવતી સીધી રેતીમાં મોટું ચોરીયું, મોટા પથ્થરો, કંપ તથા અન્ય કચરો વધારે પ્રમાણમાં હોય છે.
૨. નદીમાંથી આવતી રેતીમાં ૩૦%થી ૪૦% ચોરીયું, મોટા પથ્થરો તથા અન્ય કચરો સાફ કરવા માટે ખૂબ જ સમય બગડે છે અને પાછળ ઘણી મજૂરી અને ખર્ચ થાય છે.
૩. નદીમાંથી આવતી રેતીમાં ક્ષાર અને ભેજ ખૂબ જ પ્રમાણમાં હોય છે.
૪. સાદી રેતી સમય અને જરૂરિયાત પ્રમાણેની મળતી નથી.
૫. સાદી રેતીમાં તમારી જરૂરિયાત સંતોષાતી નથી અને રેતીનો બગાડ વધારે પ્રમાણમાં થાય છે. સાદી રેતીમાં કારીગરના સમયનો તથા આપના પૈસાનો ખૂબ જ બગાડ થાય છે તથા મટીરીયલ્સની એકધારી ગુણવત્તા જળવાતી નથી.


# આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે પરિવર્તન પાર્ટીનું જિલ્લા સંમેલન યોજાશે

## સ્થાપક પ્રમુખ કેશુભાઈ પટેલની અધ્યક્ષતામાં કાર્યકર સંમેલન

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર ટાઉનહોલ ખાતે આજે પરિવર્તન પાર્ટીનું જિલ્લાનું પ્રથમ સંમેલન બપોરે ૩ વાગે પક્ષના સ્થાપક પ્રમુખ શ્રી કેશુભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાશે.

ગાંધીનગર મહાનગર પરિવર્તન પાર્ટીના શ્રી સુનિલ ત્રિવેદીના જણાવ્યા મુજબ ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાનાર આ સંમેલનમાં પક્ષના સ્થાપક પ્રમુખ કેશુબાપા ઉપરાંત પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશ મહેતા, પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી ડૉ. એ.કે. પટેલ, ગોરધનભાઈ ઝડફિયા, લાલજીભાઈ પટેલ તેમજ શ્રી અરવિંદભાઈ પટેલ ઉપસ્થિત રહી સંબોધન કરશે.

આ સંમેલનના સ્થળ પર પક્ષના પ્રાથમિક સભ્યોની નોંધણી કરવામાં આવશે. ગાંધીનગર ખાતે પરિવર્તન પક્ષની રચના પછી પ્રથમવાર આ સંમેલન યોજાઈ રહ્યું હોવાથી પાટનગરમાં રાજકીય ઉત્તેજનાઓ પણ વધુ જોવા મળી રહી છે.

પરિવર્તન પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સંમેલનમાં ગાંધીનગર અને કર્મચારીઓના પ્રશ્નોને લઈ કેશુબાપા કોઈક મહત્વની જાહેરાત કરે તેવી શક્યતાઓ રહેલી છે. ગાંધીનગરને ફૂલોની નગરી બનાવવાની જાહેરાત તેમણે ૧૯૯૫માં સત્તાગ્રહણ કર્યા બાદ કરી હતી.

ગાંધીનગર ખાતે આ સંમેલનને લઈ ટાઉનહોલ અને તેની આસપાસના વિસ્તારને શણગારવામાં આવી રહ્યો છે. તેમજ નગરના સંમેલનને લઈ બેનરો પણ બનાવામાં આવ્યા છે.

# ગાંધીનગરના ડીએસપી બદલાયા હવે શરદ સિંગલ નવા ડીએસપી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક શ્રીમતી અર્ચના શિવહરેની બદલી સુરત હેડક્વાર્ટર ખાતે થતાં એમના સ્થાને શરદ સિંગલની નિમણૂંક કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે શ્રીમતી શિવહરે છેલ્લાં દોઢેક વર્ષથી ગાંધીનગર ડીએસપી તરીકે ફરજ બજાવતા હતા. આજે કરાયેલા આઈપીએસની બદલીઓના હૂકમમાં શ્રી એસ એમ ખત્રીને ડીસીપી ઝોન-૫, અમદાવાદ, ડી એચ પરમારને ટ્રાફિક, અમદાવાદ અને મનોજ નિનામાને ડીસીપી ઝોન-૨, અમદાવાદ ખાતે મુકાયા છે.




# અસ્તિત્વના જંગમાં બન્ને પાર્ટીઓ દ્વારા ચૂંટણી મુદ્દાઓનું ફાયરીંગ

## કોંગ્રેસ મોદીના નામ માટે વધુ આક્રમક ન બને તે તેના ફાયદામાં છે જ્યારે ભાજપ માટે વિકાસના મુદ્દાનો અતિરેક ભારે પડી શકે છે

(વિશેષ પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર, તા.૨૧

વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થઈ નથી પરંતુ રાજ્યની મુખ્ય બે પાર્ટીઓએ તેમના ચૂંટણી પ્રચારને શરૂ કરી દીધો છે. પ્રથમ વખત બદલાયેલા સિમાંકન પ્રમાણે ચૂંટણી લડાવાની હોવાથી હયાત ધારાસભ્યોને જીતવાની મુશ્કેલી ઉભી થાય તેમ હોવાથી બન્ને પાર્ટીઓ તેમના ઉમેદવારો પસંદ કરવામાં સાવધાની રાખે છે.

ભાજપ પાસે બે મુખ્ય મુદ્દાઓ છે એક મુદ્દામાં કેન્દ્ર સરકારને ભિડવાનો પ્રયાસ છે તો બીજા મુદ્દામાં ૧૦ વર્ષના વિકાસની છાંટ છે. ભાજપ ધારે તો કેન્દ્ર સરકારની હાલની સ્થિતિ ઉપર અસરકારક કેમ્પેઈન ચલાવી શકે છે. પોણા ચાર કરોડ મતદારોને આકર્ષવા માટે મોદીએ જૂથ અને જ્ઞાતિવાર વચનોની લ્હાણી શરૂ કરી છે. ખાસ કરીને મહિલા અને યુવાન-યુવતિને ટારગેટ બનાવવામાં આવ્યા છે.

બીજી તરફ કોંગ્રેસના ઘર ના ઘરની યોજનાએ તોફાન મચાવ્યું છે. ચૂંટણી ઢંઢેરામાં આપેલા વચન પ્રમાણે શહેરોના મહિલા મતદારો માટે અસરકારક મુદ્દો કોંગ્રેસે રજૂ કર્યો છે. કોંગ્રેસનો બીજો મુદ્દો યુવાનોને લેપટોપ આપવાનો છે. આ પ્રકારનું વચન હજી મોદીએ આપ્યું નથી પણ તેમણે બેન્ક લોન માટેની જાહેરાત કરી છે.

ભાજપ અને કોંગ્રેસ પાસે ૧૪ મુદ્દાઓ એવાં છે કે જેમાં તેઓ બન્ને વિધાનસભાની વૈતરણી પાર કરવાનો ઈરાદો ધરાવે છે. ચૂંટણી પહેલાં કોઈ નવું તોફાન ન આવે તો આ મુદ્દાઓ ચૂંટણી પ્રચારમાં છવાઈ જાય તેમ છે, પરંતુ કોઈ એવી અપ્રિય જાહેરાત આવી તો સમગ્ર પાર્ટીઓનું ધ્યાન તેની તરફ ખેંચાશે.

૨૦૦૨ની વિધાનસભાની ચૂંટણી સમયે નરેન્દ્ર મોદી પાસે પાકિસ્તાનના મિયા મુશરર્ફ અને ૨૦૦૭માં મોત કા સોદાગરનો મુદ્દો હતો. આ બન્ને મુદ્દામાં મોદીને સત્તા પ્રાપ્ત થઈ હતી. ભાજપે રામ મંદિર કે હિન્દુત્વના મુદ્દાને ઉભો કર્યો ન હતો. મોદીને બીજો લાભ વિરોધીઓનો થયો હતો. આ બન્ને ચૂંટણીમાં મોદી વર્સિસ ઓલ જેવી સ્થિતિ હતી.

જો કે લોકસભામાં રાહુલ ગાંધી અને મનમોહનસિંહ સામે ગંભીર આક્ષેપો કરવામાં મોદીને લોકસભાની ચૂંટણીમાં સફળતા મળી ન હતી. લોકોની સહાનુભૂતિ આ બન્ને નેતાઓને મળી હતી. કોંગ્રેસ માટે આ પ્લસ પોઈન્ટ હતો.

કોંગ્રેસના પ્રદેશના એક નેતાએ કહ્યું હતું કે અમારી પાર્ટીએ આ ચૂંટણીમાં ગોધરાકાંડ અને એનકાઉન્ટરનો મુદ્દો ઉછાળ્યો તો તેમાં સરવાળે પાર્ટીને નુકશાન થઈ શકે છે. ઉશ્કેરાટમાં આવી જઈને કોંગ્રેસ એકલા મોદી સામે આક્ષેપો કરશે તો ગુજરાતમાં ફરી એક વખત હાર નિશ્ચિત છે પરંતુ પ્રચારની ઝૂંબેશને વિકાસની દિશા તરફ લઈ જશે અને યોગ્ય, સ્વચ્છ અને જીતી શકે તેવા ઉમેદવારો ઉભા રાખશે તો સફળતા મળશે.

ભાજપના પ્રદેશ નેતાએ કહ્યું હતું કે અમારા માટે પણ બે માઈનસ પોઈન્ટ છે. એક તો એન્ટી ઈન્કમબન્સી ફેક્ટર છે. બીજો પોઈન્ટ મંત્રીઓ અને ધારાસભ્યોની ધરતી થી ઉપર ચાલવાની વૃત્તિ છે. મોદીએ તેમના નામનો અને ફોટાનો અતિરેક ન થાય તે જોવું પડશે. અમારી પાર્ટી કોંગ્રેસની દિલ્હી સ્થિત કેન્દ્ર સરકારને નિશાન બનાવી રહી છે પરંતુ કેશુભાઈ પટેલની પરિવર્તન પાર્ટી વિશે કોઈ વિચારતું નથી. હાલ આ પાર્ટીની કાચબા ગતિ લાગે છે પરંતુ આગળ જતાં મોટો વિસ્ફોટ ન બને તે પણ જોવાની અમારા પ્રદેશ નેતાઓની ફરજ બને છે.

**ભાજપના ચૂંટણી પ્રચારના મુદ્દા :**

- કેન્દ્ર સરકારનો ગુજરાતને અન્યાય
- યુપીએ સરકારનો ભ્રષ્ટાચાર
- દિલ્હીમાં સર્જાયેલી અસ્થિરતા
- કેન્દ્રની નિતીઓની આલોચના
- મોંઘવારી અને કેન્દ્રના કૌભાંડો
- કોંગ્રેસના પ્રદેશ નેતાઓ સામે આરોપ
- રાજ્યમાં ૧૦ વર્ષના વિકાસનું ચિત્ર
- કેગના રિપોર્ટમાં દર્શાવેલા કૌભાંડો
- વાયબ્રન્ટ સમિટ અને રોજગારી
- ગરીબો માટેની સહાય યોજનાઓ
- નવી જાહેરાતો, નવા વચનો
- રાજ્યમાં સીબીઆઈનો વહીવટ
- દસ વર્ષની રાજકીય સ્થિરતા
- વિવિધ વિભાગોને મળેલા એવોર્ડ

**કોંગ્રેસના ચૂંટણી પ્રચારના મુદ્દા**

- ગરીબી-બેકારીની સમસ્યા
- ઉદ્યોગપતિઓને આપેલા લાભો
- અછતમાં ખેડૂતોની આત્મહત્યા
- ક્રાઈમરેટ અને વધતી ગુનાખોરી
- બાળકો ગૂમ થવાની ઘટનાઓ
- પેટ્રોલ-ડિઝલ-સીએનજી પર વેટ
- ખેડૂતોની જમીનોના સસ્તા સોદા
- ગૌચરની જમીનની સોદાબાજી
- કેગના રિપોર્ટમાં દર્શાવેલા કૌભાંડો
- લોકાયુક્તની નિયુક્તિનો મામલો
- નવી જાહેરાતો, નવા વચનો
- સોહરાબુદ્દીન કેસ અને ખંડણી
- વધતા જતા જાહેર દેવાના આંકડા
- કેન્દ્ર સરકારે આપેલી સહાય


કેન્દ્રની યુપીએ સરકારની બેવડી નીતિથી

ગુજરાત માટે તો ઘાટ કરતા ઘડામણ મોંઘુ થાય છે

કોલસાના ભાવ કરતા દૂરના ક્ષેત્રથી કોલસો લાવવાનો ખર્ચ વધી જાય છે

મહારાષ્ટ્રને નજીકના ક્ષેત્રમાંથી કોલસાની ફાળવણી અને

ગુજરાતને દૂરના ક્ષેત્રની ફાળવણી - **આવો ભેદભાવ શા માટે?**

કોલસાની નજીકના ક્ષેત્રથી ફાળવણી

| મહારાષ્ટ્ર | ગુજરાત |
| --- | --- |
| ૨૨૫ લાખ ટન | માત્ર ૯ લાખ ટન |

કેન્દ્ર સરકારના આ અન્યાયથી ગુજરાતને ₹ ૧૦૦૦/- કરોડનો વધારાનો બોજો પડે છે.

ગુજરાતને મોંઘો કોલસો મળે એટલે વીજળી પણ મોંઘી મળે.

કોલસાનો જેટલો જથ્થો મહારાષ્ટ્રને નજીકના ક્ષેત્રથી મળે છે એટલો જથ્થો ગુજરાતને નજીકના ક્ષેત્રથી મળે તો ગુજરાત સરકાર

વીજળીનો ભાવ યુનિટ દીઠ ૫૦ પૈસા ઘટાડવા કટિબદ્ધ

ગુજરાત સરકાર


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** ...